ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# પ્રદીપસિંહ વાઘેલાનું રાજીનામુ - વ્યક્તિગત કારણોસર વિદાયમાં ઓડનુ ચોડ થાય છે

ગાંધીનગર, તા. ૫

આપણે ત્યાં એક કહેવત એવી છે કે “વા વાયોને નળીયુ ખસ્યુ, કોઈ કહે મે દીઠો ચોર ત્યાં થયો ઘણો શોરબકોર” આ કહેવત એટલા માટે યાદ આવી કે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના મહામંત્રીપદેથી પ્રદીપસિંહ વાઘેલાએ આપેલા રાજીનામા પછી જે બીનજરૂરી વાતો વહેતી થઈ છે અને સમગ્ર કિસ્સો ટોક ઓફ ધી ટાઉન નહી પણ ટોક ઓફ ધી સ્ટેટ બની ગયો છે ત્યારે પ્રદીપસિંહનો અસલ અર્પિત, રાષ્ટ્રવાદી અને પવિત્ર નેતૃત્વનો ચહેરો પણ તપાસી લેવા જેવો છે. સાણંદ તાલુકાના નાનકડા એવા બકરાણા ગામથી જીવનની સફર શરૂ કરનાર વાઘેલા એક સામાન્ય મધ્યમ વર્ગના કુટુંબમાંથી બહાર આવેલા નેતા છે. વાઘેલાના પિતા ગુજરાત સ્ટેટ સ્ટ્રાન્સપોર્ટ

**સમયસર**



કોર્પોરેશનના એક સામાન્ય કર્મચારી તરીકે નિષ્ઠાપૂર્વક અને પવિત્રતાથી ફરજ બજાવીને નિવૃત્ત થયા છે.

આવા સામાન્ય કુટુંબમાં જન્મેલા પ્રદીપસિંહ વાઘેલાએ કારકિર્દીની શરૂઆત અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર તરીકે કરી હતી. આજ સંગઠનના પુર્ણકાલિન પ્રચારક તરીકે રહી ચૂકેલા પ્રદીપસિંહ વાઘેલા ગુજરાતના રાષ્ટ્રવાદી યુવાનોના પરમપ્રિય નેતા અને પ્રેરણામૂર્તિ છે. એમની કારકિર્દીમાં એમણે જે સંઘર્ષ કર્યા છે એ સલામી આપવા જેવા છે. ભા.જ.પ.યુ. મોરચાના નેતા તરીકે તેઓએ અનેક કાર્યકર્તાઓનું ઘડતર કર્યુ છે. ભા.જ.પ.યુ. મોરચાના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૧માં કાશ્મીરના શ્રીનગરના લાલચોકમાં તેમણે જીવ જોખમમાં મુકીને, આતંકવાદીઓની ધમકી વચ્ચે ત્રિરંગો લહેરાવ્યો હતો. ૨૦૧૨માં દિલ્હીમાં અનુરાગ ઠાકુરની આગેવાની નીચે યોજાયેલ સંસદ ઘેરોના કાર્યક્રમમાં અનેક વિડંબણાઓ વેઠી અને વિઘ્નો પાર કરીને સંસદભવન સુધી પહોંચનારા જે લોકો હતા તે પૈકીના પ્રદીપસિંહ એક કાર્યકર્તા હતા. આ કાર્યક્રમમાં તેમની ઉપર લાઠીચાર્જ થયો હતો અને તેમને એઈમ્સમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

રાષ્ટ્રવાદી પ્રવૃત્તિને વિકસાવવાની આગવી સૂઝ પ્રદીપસિંહ વાઘેલામાં છે. રાષ્ટ્રવાદી સંગઠનમાં (૧) સંપર્ક, (૨) બેઠક અને (૩) પ્રવાસના તેઓ આગ્રહી રહ્યા છે. ગુજરાતના હજ્જારો કાર્યકર્તાઓને રાષ્ટ્રવાદી પ્રવૃત્તિ તરફ વાળીને તેમનુ ઘડતર કરવામાં પ્રદીપસિંહનો અગ્રીમ અને સક્રિય ફાળો રહ્યો છે.

ભારતના અમર સહિદો ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂ તેમજ અનેક અન્ય અનામી શહિદોને યાદ કરીને એમને લોકોના સ્મરણપટ પર મુકવા માટે તૈયાર કરવામાં આવેલા વિરાંજલીના કાર્યક્રમ દ્વારા હજારોથી માંડીને લાખો લોકો સુધી પહોંચીને તેમણે એ કાર્યક્રમને સફળતા બક્ષી હતી. એ વખતે કાર્યકર્તાઓ હરખભેર અને ગૌરવભેર કહેતા કે વિરાંજલી એટલે પ્રદીપસિંહ અને પ્રદીપસિંહ વિરાંજલી. આ સૂત્ર પ્રદીપસિંહ વાઘેલાના સંપૂર્ણ સમર્પિતપણામાંથી જન્મેલુ સૂત્ર છે.

# મેટ્રોરેલનો ગાંધીનગરનો બીજો તબક્કો માર્ચ-એપ્રિલમાં શરૂ કરવાની તૈયારી

## પાટનગરમાં પ્રથમ તબક્કે ૨૮ કિલોમીટર પૈકી ૨૦ કિલોમીટરમાં ૫૦૦ કલાકનું ટેસ્ટીંગ કરાશે, પ્રારંભિક ખર્ચ ૫૪૦૦ કરોડ થશે

ગાંધીનગર

ગુજરાતની પ્રથમ એવી અમદાવાદ મેટ્રોરેલના બીજા તબક્કામાં ગાંધીનગરનો પ્રોજેક્ટ આગામી એપ્રિલ ૨૦૨૪ સુધીમાં તૈયાર થાય તેવી સંભાવના છે, જો કે આ સમયગાળા દરમ્યાન ૨૮ કિલોમીટર પૈકી ૨૦ કિલોમીટરના ટ્રેક અને સ્ટેશન તૈયાર થઈ જશે.

અમદાવાદને ગાંધીનગરથી જોડતી મેટ્રોરેલ મોટેરા પછી કોબા થઈને પીડીપીયુ, ગિફ્ટ સિટી અને ઈન્ફોસિટી જશે. ગાંધીનગરના બીજા તબક્કામાં આઠ કિલોમીટરનો ટ્રેક મહાત્મા મંદિર અને અક્ષરધામને જોડશે, જેનું કામ એપ્રિલ ૨૦૨૪ પછીના સમયમાં પૂર્ણ કરાશે.

ગાંધીનગરના મેટ્રોરેલના તબક્કાને માર્ચ-એપ્રિલ ૨૦૨૪માં પૂર્ણ કરવાનું આયોજન ચાલી રહ્યું છે જેમાં ગિફ્ટ સિટી અને ઈન્ફોસિટીના રૂટના કામોમાં તેજી આવી છે. લોકસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ૨૦૨૪માં ગાંધીનગરના મુસાફરો મેટ્રોમાં સફર કરે તેવું પ્લાનિંગ ચાલી રહ્યું છે. ગાંધીનગરને મેટ્રો આપવામાં ૫૪૦૦ કરોડનું ખર્ચ થશે. ગાંધીનગરમાં મેટ્રોમાર્ગની લંબાઈ ૩૪.૫૯ કિલોમીટર નિશ્ચિત કરવામાં આવી હતી, પરંતુ સુધારેલા ડીપીઆર પ્રમાણે મેટ્રો રૂટની લંબાઈ ૨૮.૨૬ કિ.મી. થઈ છે. તેમાં બે કોરિડોર હશે.

પ્રથમ ૨૨.૮૪ કિલોમીટરની લંબાઈ મોટેરા ને મહાત્મા મંદિર સાથે જોડાશે અને બીજી જીએનએલયુ (ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી) થી ૫.૪૨ કિલોમીટર લાંબી શાખા પીડીપીયુ અને ગિફ્ટ સિટીને જોડશે.



(તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

મોર ટહૂકા કરે... - શહેરમાં ફરી વરસાદી માહોલ જામ્યો છે... વાદળો ઘેરાયા છે... વરસાદી છાંટણા તો ક્યાંક વરસાદી ઝાપડા પડ્યા છે... શહેરમાં જામેલા વરસાદી માહોલથી મોર પણ ટહૂકા કરવા શહેરના આંગણે આવી પહોંચ્યા છે... અને ટેહૂક ટેહૂક કરીને વરસાદને આવકારતો હોય તેમ નજરે પડે છે...

# જનતાએ વડાપ્રધાનનો આભાર માનતા સવા લાખ પોસ્ટકાર્ડ લખ્યાં

## જનતાએ લખેલા પત્રોને દિલ્હી મોકલવામાં આવશે : બક્ષીપંચ મોરચાએ જનસંપર્ક કાર્યક્રમો થકી જનતા સુધી પહોંચી સરકારની યોજનાઓની માહિતી પહોચાડી છે તેનો પુરાવો : રજનીભાઇ પટેલ

ગાંધીનગર, તા. ૫

વિકાસપુરુષનું બીરુદ મેળવનાર વૈશ્વીક નેતા અને દેશને આત્મનિર્ભર ભારતની દિશા આપનાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારને સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ અંતર્ગત સફળતાના ૯ વર્ષ પુર્ણ થયા છે તે સંદર્ભે બક્ષીપંચ મોરચા દ્વારા ગત મહિનામાં જનસંપર્ક,ખાટલા બેઠક સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા તે દરમિયાન જનતાએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને આભાર પાઠવતા ૧.૨૫ લાખ જેટલા પોસ્ટકાર્ડ રાજયની જનતાએ લખેલા છે જેને બક્ષીપંચ મોરચા દ્વારા દિલ્લી મોકલવામાં આવનાર છે જે કાર્યક્રમ આજે પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, બક્ષીપંચમોરચાના પ્રભારી અને પ્રદેશ ઉપાધ્યક્ષ મહેન્દ્રભાઈ પટેલ તેમજ પ્રદેશ મીડિયા કન્વીનર ડો.યજ્ઞેશભાઈ દવે સહિત બક્ષીપંચ મોરચાના પ્રમુખ મંયકભાઈ નાયક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.




આ કાર્યક્રમમાં રજનીભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશની રાજનીતીમાં જનસંઘથી ભાજપાની યાત્રામાં પાર્ટી આજે સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે જેમાં વિવિધ મોરચાનુ પણ મહત્વનું યોગદાન રહ્યુ છે. મોરચા દ્વારા વિવિધ જનસંપર્ક કાર્યક્રમો કરવામાં આવ્યું છે તેમાં બક્ષીપંચ મોરચાએ સી.આર.પાટીલના માર્ગદર્શનમાં વિવિધ જનસંપર્ક કાર્યક્રમો થકી જનતા સુધી પહોંચી કેન્દ્ર સરકાર અને રાજય સરકારની વિવિધ યોજનાની માહિતી પહોચાડી છે જેનો એક પુરાવો આ સવા લાખ પત્રો છે જે જનતાએ લખેલા છે તેને આજે દિલ્હી મોકલવામાં આવશે.

આ કાર્યક્રમમાં મયંકભાઈ નાયકે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારને સફળતાના ૯ વર્ષ પુર્ણ થતા બક્ષીપંચ મોરચા દ્વારા ૨૫ રથ દ્વારા ગુજરાતની તમામ વિધાનસભા અને લોકસભાનો પ્રવાસ કરી જન સંપર્ક કરી સરકારની વિવિધ યોજનાનો લાભ મેળવનાર જનતાનો સંપર્ક કરવામાં આવ્યો હતો તે દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યકત કરતા પોસ્ટકાર્ડ લખાવામાં આવ્યા હતા જે પોસ્ટકાર્ડ દિલ્હી મોકલવામાં આવશે તેમજ બક્ષીપંચ મોરચા દ્વારા જનસંપર્ક થકી લોકસભાની ચૂંટણીમાં દરેક બેઠક પાંચ લાખથી વધુ મતોથી જીતવાનો આદરણીયશ્રી સી.આર. પાટીલના સંકલ્પને સાકાર કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

# પાણીની ગુણવત્તા ચકાસવા રેન્ડમ સેમ્પલની સંખ્યામાં વધારો કરાયો

## વરસાદી ઋતુને કારણે પાણીજન્ય રોગચાળાના થયેલા વધારાને અનુલક્ષીને હાથ ધરાઈ કવાયત : પાણીની જૂની પાઈપલાઈનોમાં સડાથી લીકેજની સમસ્યા સર્જાય છે

ગાંધીનગર, તા.૦૫

ચોમાસાના પગલે પાણીજન્ય રોગચાળાના થયેલા વધારાને અનુલક્ષીને રેન્ડમ સેમ્પલની સંખ્યામાં વધારો કરી પાણીમાં ક્લોરિનની માત્રા અંગે તપાસ કરવા આદેશો અપાયા છે. વરસાદી ઋતુના કારણે પાણી દુષિત થવાની શક્યતા વધારે હોવાથી આ તકેદારીના પગલાં લેવાઈ રહ્યાં છે. જોકે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં આ કવાયત હાથ ધરાઈ છે તેની સામે પાટનગર અને આસપાસના ગામડાઓમાં પાણીની લાઈનો દાયકાઓ જૂની અને કાસ્ટ આર્યનની હોવાના કારણે તેમાં સડો પેદા થતો હોવાથી તેમાં હવે લીકેજની સમસ્યા ઉભી થવા પામી છે.

ગાંધીનગરમાં અત્યારે પાણી વિતરણનું નેટવર્ક જે છે તે જર્જરિત છે અને શહેરના જુના નેટવર્કમાં પાણી અને ગટર એમ બને લાઈનોમાં લીકેજની સમસ્યા સતાવી રહી છે. આ સ્થિતિમાં બીજી તરફ ચોમાસુ એટલે પાણીજન્ય રોગચાળાની મોસમ કહેવાય છે અને આ મોસમમાં શહેરના બધા સેક્ટર ઉપરાંત શહેરી ગામોમાં આપતા પાણીમાં ક્લોરિનની યોગ્ય માત્રા સંબંધે દરરોજ તપાસ કરવાની તાકીદ કરાતા રેન્ડમ સેમ્પલ લેવાની સંખ્યામાં વધારો કરી દેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાટનગર અને આસપાસના ગામડાઓમાં પાણીની લાઈનો દાયકાઓ જુની છે અને તે કાસ્ટ આર્યનની હોવાના કારણે તેમાં સડો થયેલો હોવાથી તેમાં હવે લીકેજની સમસ્યા ઉભી થઈ છે. હાલમાં શહેરમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત પાણી પુરવઠા બોર્ડ દ્વારા નવેસરથી લાઈન નાંખવાની તોતિંગ ખર્ચની યોજના ચાલી રહી છે. આ યોજના સંપૂર્ણ રીતે પુરી થશે પછી જ જુની લાઈનો જ ઉપયોગમાં લઈ શકાશે જેથી પાણીમાં ક્લોરીનની માત્ર બાબતે વધારે સાવચેતી રાખવાનું અનિવાર્ય બની ગયું છે.

# ગુજરાતમાં રેલવેના પ્રોજેક્ટ માટે સરકારી જમીનમાં ૧૦ ટકા વસૂલાશે

## ઓવર કે અંડરબ્રીજ બનાવીને આજુબાજુની જમીન રેલવે તંત્ર વાપરી શકશે પરંતુ તેનો કબજો રાજ્ય સરકારનો રહેશે

ગાંધીનગર

રેલવેના પ્રોજેક્ટમાં ઝડપ આવે તે માટે સરકારે નદી કે તળાવમાં પાણીનો પ્રવાહ બદલ્યા વિના ઓવરબ્રીજ કે અંડરબ્રીજ બનાવવા માટે આજુબાજુની સરકારી જમીનમાં હવે ૧૦ ટકા રકમ જમા કરવાની રહેશે. મહેસૂલ વિભાગના આદેશ પ્રમાણે આ જમીન રેલવે ઓથોરિટી વાપરી શકશે પરંતુ તેના પૈસા ચૂકવવાના થશે.

વિભાગે કરેલા આદેશ પ્રમાણે રાજ્યમાં રેલવે, નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન અને ડીએફસીઆઈએલ પ્રોજેક્ટ માટે જે જમીની માગણી કરવામાં આવે તેમાં બજાર કિંમતના ૧૦ ટકા વસૂલવામાં આવશે. આ રકમ વસૂલી ઓથોરિટીને હયાત માર્ગ, રસ્તા કે કેનાલની જમીન વાપરવા માટે આપવામાં આવશે.

નદી, કેનાલ કે તળાવ પર ઓવરબ્રીજ કે અંડરબ્રીજ બાંધીને રોડ અને રસ્તાનો ઉપયોગ કરી શકાશે પરંતુ જમીનની માલિકી સરકારની રહેશે. જો કે પહેલાથી

● અનુસંધાન પાન-૭ પર




પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત લાભાર્થીઓને અનેક લાભ મળી રહયા છે આ યોજના થી અનેક બહેનોને આત્મનિર્ભર બનવાની તક પણ મળી છે તેમ ગાંધીનગરની હોટલ લીલા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ડો.ભાગવત દ્વારા જણાવવામાં આવ્યું હતું. (તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

# પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં લાભાર્થીઓ તેમના મકાનો ભાડે આપી રહ્યાં છે

## કેટલાક લોકોએ રહેવા માટે નહીં પણ ઇન્વેસ્ટમેન્ટના કારણથી આવાસ મેળવ્યા હોવાનો ચોંકાવનારો અહેવાલ

ગાંધીનગર

ગરીબ અને નિમ્ન મધ્યમવર્ગના પરિવારો માટે પ્રધાનમંત્રી શહેરી અને ગ્રામીણ આવાસ યોજના લાગુ કરવામાં આવેલી છે. આ યોજના હેઠળ ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૧.૫૬ લાખ આવાસ બનાવવામાં આવ્યા છે અને લાભાર્થીઓને આપી દેવામાં આવ્યા છે પરંતુ ચોંકાવનારી બાબત એવી સામે આવી છે કે સસ્તાદરના આવાસ કેટલાક લાભાર્થીઓએ ઈન્વેસ્ટમેન્ટ પર્પઝથી ખરીદ્યાં છે અને ભાડે આપી દીધાં છે.

સરકારી સહાય મેળવીને પ્રાપ્ત કરેલા આવાસ વેચી શકાતા નથી કે ભાડે આપી શકાતા નથી તેમ છતાં રાજ્યના શહેરી વિસ્તારમાં આવી પ્રવૃત્તિ ફાલી છે તેમ છતાં એવા લાભાર્થીઓ કે જેઓ ભાડું ખાઈને બીજે રહેતા હોય છે તેમની સામે પગલાં લેવામાં આવતા નથી.

સરકારે શહેરી વિસ્તારમાં ૭.૫૦ લાખ અને ગ્રામ્ય વિસ્તારમાં ૪.૬ લાખ આવાસ લાભાર્થીઓને ફાળવ્યાં છે જે પૈકી ૩૮૦૦૦થી વધુ આવાસમાં ભાડુઆતોનો ગેરકાયદે કબજો છે. પહેલાં ગુજરાત હાઉસિંગ બોર્ડના રાહતદરના આવાસોમાં આવી પ્રવૃત્તિ થતી હતી અને હવે એફોર્ડેબલ હાઉસિંગમાં આવી પ્રવૃત્તિ શરૂ થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર




# રાજ્યના ૩૩ જિલ્લાની કલેક્ટર ઓફિસના અધિકારીઓને ફરજીયાત કાયદાની તાલીમ અપાશે

## બેચમાં કુલ ૧૦૭૫ અધિકારી અમદાવાદના સોલા પાસે આવેલી જ્યુડીશીયલ એકેડમીમાં તાલીમ લેશે

ગાંધીનગર

ગુજરાતના મહેસૂલ વિભાગમાં ફરજ બજાવતા જિલ્લા કલેક્ટર કચેરીના તમામ અધિકારી-કર્મચારીઓને એક દિવસની ફરજીયાત તાલીમ લેવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ તાલીમ કાર્યક્રમ ઓગષ્ટ થી સપ્ટેમ્બર મહિના સુધી ચાલશે, જેમાં કુલ ૧૦૭૫ અધિકારી-કર્મચારીઓને એક દિવસની તાલીમ અપાશે.

મહેસૂલ વિભાગે કરેલા આદેશ પ્રમાણે વિભાગ હસ્તક ફરજો બજાવતા નાયબ કલેક્ટર, મામલતદાર અને નાયબ મામલતદારને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકેની ફરજો તેમજ અધિકારી પરત્વે આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય ન્યાયકીય સંસ્થા દ્વારા ૧૮ બેચમાં કુલ ૧૦૭૫ અધિકારી-કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ દ્વારા તાલીમ મંજૂર થઈ હોવાથી તાલીમમાં સમયસર અચૂક હાજર રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ તાલીમ સવારે ૯.૦૦ કલાકે ગુજરાત હાઈકોર્ટ બિલ્ડીંગની પાછળ આવેલી ગુજરાત રાજ્ય જ્યુડીશીયલ એકેડમી ખાતે આપવામાં આવશે.

તાલીમ દરમ્યાન અધિકારીઓએ ફોર્મલ ડ્રેસમાં હાજર રહેવાનું છે અને રહેવા તેમજ જમવાની વ્યવસ્થા એકેડમીમાં કરવામાં આવી છે. કાબુ બહારના સંજોગોમાં કોઈ અધિકારીને ગેરહાજર રહેવાનું થાય તો મહેસૂલ તપાસણી કમિશનરની પૂર્વ મંજૂરી લેવાની થશે. તમામ બેચ પૈકી કોઈ અધિકારીની જિલ્લા ફેર બદલી થઈ હોય તેવા કિસ્સામાં સબંધિત કલેક્ટરને તાલીમની જાણ કરવાની રહેશે. રાજ્યના ૩૩ જિલ્લાની કલેક્ટર કચેરીના અધિકારી તેમજ કર્મચારીઓ માટે જિલ્લા પ્રમાણે બેચ અને તેની તારીખ નક્કી કરવામાં આવી છે. આ તાલીમ ૭મી ઓગષ્ટથી શરૂ થાય છે અને સપ્ટેમ્બરના અંત સુધી ચાલવાની છે. મહેસૂલી અધિકારીઓને કાયદાની જાણકારી મળી રહે તે માટે આ તાલીમનું આયોજન થયું છે.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com